અત્યંત જરૂરી/RTE હેઠળ પ્રવેશ/ફી માહિતી

જા.નં/પ્રાથમિક/RTE/પ્રવેશ/૨૦૨૩-૨૪/૧૫૩૭૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઈન્સ,સુરત
તા.૦૪/૦૯/૨૦૨૩.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત મહાનગરપાલિકા વિસ્તાર ની તમામ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ.
( RTE હેઠળ વર્ષ-૨૦૧૬-૧૭ થી વર્ષ-૨૦૨૩-૨૪ સુધી મફત પ્રવેશ આપેલ શાળાઓ )

વિષયઃ- RTE હેઠળ વર્ષ-૨૦૧૬-૧૭ થી વર્ષ-૨૦૨૩-૨૪ સુધી RTE હેઠળ પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની ફી અને સહાય અંગેની માહિતી મોકલી આપવા બાબત.

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ-૧ અન્વયે જણાવવાનું કે, RTE હેઠળ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને તે હેઠળ રચાયેલ નિયમો-૨૦૧૨ ની જોગવાઇઓ હેઠળ શૈક્ષણિક વર્ષઃ-૨૦૧૬-૧૭ થી વર્ષઃ-૨૦૨૩-૨૪ સુધીમાં સુરત જિલ્લાની સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવેલ અને હાલ આ વિદ્યાર્થીઓ ક્રમાનુસાર જે-તે ધોરણમાં અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓની વિદ્યાર્થી દીઠ ધોરણવાર જે ફી નિયત કરવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓની પ્રવેશ ફી, સત્ર ફી, કોમ્પ્યુટર ફી અને ટયુશન ફી સાથેની કુલ ફી ની વિગતો મોકલવાની રહેશે.

સરકારશ્રીનાં ઠરાવ મુજબ વિદ્યાર્થી દીઠ પ્રવેશ ફી, સત્ર ફી, કોમ્પ્યુટર ફી અને ટયુશન ફી મળીને કુલ વાર્ષિક ફી તેમજ વિદ્યાર્થીઓને આપવામાં આવતી સહાયની વિગતો શાળાઓએ સામેલ નિયત પત્રક-૧ અને પત્રક-૨ માં હાર્ડ કોપી અને સોફ્ટ કોપી (Pen Drive)માં જ શાળામાં આર.ટી.ઇ.ની કામગીરી કરતાં જાણકાર કર્મચારીએ જ રૂબરૂ રજુ કરવાની રહેશે.

વિગત ભરતી વખતે શાળાએ શાળાનું નામ,ડાયસ નંબર,શાળા બેંક એકાઉન્ટ નંબર જેવી વિગતો સ્પષ્ટ વાંચી શકાય તે રીતે ભરી મોકલવાની રહેશે. આ માહિતી Excel Sheet અંગ્રેજી કેપિટલ (TIMES NEW ROMAN) ફોન્ટ માં જ વિગત ભરવાની રહેશે. તેમજ શાળાનાં બેન્ક એકાઉન્ટ નંબરનો એક કેન્સલ ચેક રજુ કરવો. FRC દ્વારા નિયત થયેલ ફી મંજુરીનાં હુકમની નકલ બિનચૂક રજુ કરવી. આ સાથે સામેલ પત્રકની કોલમ/સેલમાં શાળાએ પોતાની કક્ષાએથી કોઈ પણ સુધારા વધારા કરવા નહિ.તેમજ એક્સેલ શીટમાં કોમા,ફંકશન,ટેક્સ બોક્સ ,મર્જ સેલ, વગેરે કેરેક્ટર મુકવા નહિ.

ધોરણ-૧ માંથી કે ત્યાર બાદ જે શાળામાંથી વિદ્યાર્થી શાળા છોડી ગયેલ હોઇ, કે અન્ય શાળામાં અભ્યાસ કરવા ગયેલ હોય, તેવા વિદ્યાર્થીઓની અલગ યાદી બનાવી તેની સાથે શાળા ફેરફાર કર્યાનાં કચેરી આદેશની નકલ અલગથી રજૂ કરવાની રહેશે.

RTE હેઠળ વર્ષઃ-૨૦૧૬-૧૭ થી વર્ષ-૨૦૨૩-૨૪ ના વર્ષમાં ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવેલ વિદ્યાર્થીઓ હાલ જે-તે ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી ની વિગત વર્ષવાર નિયત કરેલ નમૂનાનાં

પત્રક-૧ અને પત્રક-૨ માં જ ક્રમશઃ વિગતોભરી તેની હાર્ડ કોપી અને સોફટ કોપીમાં તા.૦૪/૧૦/૨૦૨૩ નાં રોજ એસ.વી.એસ નંબર-૧,૨ અને તા.૦૫/૧૦/૨૦૨૩ નાં રોજ એસ.વી.એસ નંબર-૬,૭,૮ અને તા.૦૬/૧૦/૨૦૨૩ નાં રોજ એસ.વી.એસ નંબર-૪,૫ માં અને તા.૦૭/૧૦/૨૦૨૩ નાં રોજ એસ.વી.એસ નંબર-૩,૯ આવતી શાળાઓએ ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઇસ્કુલ,નાનપુરા,સુરત ખાતે સવારે ૧૧:૦૦ થી ૦૪:૦૦ કલાક સુધીમાં બિનચૂક રજૂ કરવાની રહેશે.ઉકત તારીખ પ્રમાણે એસ.વી.એસ.માં આવતી શાળાઓએ જ માહિતી રજૂ કરવી. સમયમર્યાદા બાદ મળેલ માહિતી ધ્યાને લેવામાં આવશે નહિ.

નિયત પત્રકમાં વિગતો સ્પષ્ટ અને ચોકસાઇપુર્વક ભરવી, પત્રક સાથે શાળા દ્વારા લેવામાં આવતી વાર્ષિક ફીની રસીદ/લેટર પેડ પર આપવાની રહેશે. ઉકત વિગતો શાળાઓએ સમયમર્યાદામાં મોકલી આપવાની રહેશે, જે શાળાઓ ફી ની વિગતો અત્રે સમયસર નહી મોકલે અથવા અધુરી,ખોટી કે નિયત નમુનામાં ન હોય અને જે-તે વર્ષની ફી બાકી રહે ત્યાર બાદ કોઇ પણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.શાળાએ રજૂ કરેલ માહિતી મુજબ (પત્રક-૧ અને પત્રક-૨) ફિ ની માહિતી રજુ કરેલ હોય તેની જ ગ્રાંન્ટ ફાળવવામાં આવતી હોવાથી માહિતી રજૂ ન કરેલ ન હશે તેની ગ્રાંટ ફાળવવામાં આવશે નહી. જેથી ફી બાબતે જે કાંઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી શાળા સંચાલક મંડળ/આચાર્યની રહેશે. આ બાબતે પાછળથી કોઇ પણ પ્રકારની રજૂઆત અત્રે ધ્યાને લેવામાં આવશે નહિ.

વધુમાં તમામ શાળાઓને સુચના આપવામાં આવેલ છે કે, શાળાઓ દ્વારા આર.ટી.ઇ. હેઠળ આપેલ વિદ્યાર્થીઓનાં વાલીઓને સીધા કચેરીમાં ન મોકલતા શાળા દ્વારા જ કોઇ પણ માહિતી રજુ કરવી. જેની ગંભીર નોંધ લેવી.

બિડાણ:-નિયત પત્રક-૧ અને પત્રક-૨

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત,જિલ્લો-સુરત

નકલ રવાના :-

-શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,ગોપીપુરા,સંઘડિયાવાડ,સુરત.

-કન્વીનરશ્રી, એસ.વી.એસ.-૧ થી ૯

૨/- આપના સંકુલમાં આવતી શાળાઓને ઉપરોકત માહિતી તથા ફી ની વિગતો નિયત કરેલ તારીખ,સમય અને સ્થળે બિનચૂક મોકલી આપવા જાણ કરવા અંગે કાર્યવાહી કરવા સારૂ.

પત્રક-૧

## આર.ટી.ઈ અંતર્ગત પ્રવેશ આપેલ શાળાઓને વિદ્યાર્થીઓની સંખ્યા અને ચુકવવાપાત્ર ફી ની વિગત દર્શાવતું પત્રક વર્ષ-2023-24

| ક્રમ | વર્ષ | ધોરણ | શાળાનું નામ | શાળાનું સરનામું | શાળાનો UDISE CODE | શાળાનો બેંક એકાઉન્ટ નંબર | IFSC | પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા | FRC દ્વારા નિયત થયેલ એક વિદ્યાર્થીદીઠ વાર્ષિક ફી | કુલ (કોલમ 9 × 10) | RTE ની કામગીરી સંભાળતા કર્મચારીનું નામ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 1 | 2016-17 | 8 | | | | | | | | | | |
| 2 | 2017-18 | 7 | | | | | | | | | | |
| 3 | 2018-19 | 6 | | | | | | | | | | |
| 4 | 2019-20 | 5 | | | | | | | | | | |
| 5 | 2020-21 | 4 | | | | | | | | | | |
| 6 | 2021-22 | 3 | | | | | | | | | | |
| 7 | 2022-23 | 2 | | | | | | | | | | |
| 8 | 2023-24 | 1 | | | | | | | | | | |

પ્રમાણપત્ર:-

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે,ઉપરોક્ત એકાઉન્ટ નંબર શાળાનો જ એકાઉન્ટ આપેલ છે.સદર વિદ્યાર્થીઓને શાળામાં આર.ટી.ઈ. અંતર્ગત પ્રવેશ આપવામાં આવેલ છે. તેની જ માહિતી મોકલવામાં આવેલ છે. હવે પછી કોઈ પણ વિદ્યાર્થીની માહિતી આપવાની બાકી રહેતી નથી. ઉપરોક્ત વિદ્યાર્થીઓની માહિતી જનરલ રજીસ્ટર પ્રમાણે સાચી અને બરાબર છે.હવે પછી આ માહિતીમાં ફેરફારનો કોઈ અવકાશ રહેતો નથી.

આચાર્યશ્રીનાં સહી/સિક્કા

માહિતી તૈયાર કરનારનું નામ:-

મોબાઈલ નંબર:-

તારીખ:-

નોંધ:-

૧. માહિતી એક્સેલ સીટમાં અંગ્રેજીમાં જ ભરવી.

૨. કોઈ પણ રો કે કોલમને મર્જ કરવી નહિ. (મર્જ કરેલ કોલમવાળી માહિતી સ્વીકારવામાં આવશે નહી.)

૩. બેંક એકાઉન્ટ અને IFSC નંબરમાં સ્પેસ આપવી નહિ. બેંક એકાઉન્ટ અને IFSC નંબરની માહિતી ચોકસાઈ પૂર્વક ભરવી.

૪. બેંક એકાઉન્ટ નંબરમાં આગળ "શૂન્ય" હોય તો "શૂન્ય" અવશ્ય લખવો. અન્ય ચિહ્નોનો ઉપયોગ કરવો નહિ.

૫. IFSC નંબરમાં પાંચમો નંબર હંમેશા "શૂન્ય" જ આવશે જેનું ખાસ ધ્યાન રાખવું.

૬. બેંક એકાઉન્ટ અને IFSC નંબર લખતી વખતે અન્ય કોઈ સિમ્બોલનો ઉપયોગ કરવો નહિ અને જો નંબર આગળ શૂન્ય ન આવે તો TEXT ફોરમેટમાં માહિતી તૈયાર કરવી.

૭. કેટલીક શાળાઓ દ્વારા વર્ડ ફાઈલમાં માહિતી મોકલી આપવામાં આવે છે જે સ્વીકારવામાં આવશે નહિ.

૮. કેન્સલ ચેકની નકલ બિનચૂક રજુ કરવી તેમજ શાળાનાં નામનું જ રાષ્ટ્રીયકૃત બેંકનું એકાઉન્ટ હોવું જોઈએ.

૯. FRC દ્વારા નિયત થયેલ ફી મંજૂરીનાં હુકમની નકલ બિનચૂક સામેલ રાખવી.

૧૦. બંધ થયેલ બેંક,મર્જ થયેલ બેંક વગેરેની ચકાસણી કર્યા બાદ જ માહિતી રજુ કરવી.

૧૧.ઉક્ત નિયત ફોર્મેટમાં જ માહિતી રજુ કરવી.નિયત ફોર્મેટ વગરની માહિતી સ્વીકારવામાં આવશે નથી.

પત્રક-૨

## આર.ટી.ઈ અંતર્ગત પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની ચુકવવાપાત્ર સહાય ની વિગત દર્શાવતું પત્રક વર્ષ-2023-24

| ક્રમ | શાળાનો ડાયસ કોડ | પ્રવેશનું વર્ષ | વિદ્યાર્થીનું પૂરું નામ | વિદ્યાર્થીનો બેંક એકાઉન્ટ નંબર | IFSC | સહાયની રકમ | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | | | | | | | |
| 2 | | | | | | | |
| 3 | | | | | | | |
| 4 | | | | | | | |
| 5 | | | | | | | |
| 6 | | | | | | | |
| 7 | | | | | | | |
| 8 | | | | | | | |

**પ્રમાણપત્ર:-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે,ઉપરોક્ત એકાઉન્ટ નંબર વિદ્યાર્થી/વાલીનો જ એકાઉન્ટ આપેલ છે.સદર વિદ્યાર્થીઓને શાળામાં આર.ટી.ઈ. અંતર્ગત પ્રવેશ આપવામાં આવેલ છે. તેની જ માહિતી મોકલવામાં આવેલ છે. હવે પછી કોઈ પણ વિદ્યાર્થીની માહિતી આપવાની બાકી રહેતી નથી. ઉપરોક્ત વિદ્યાર્થીઓની માહિતી જનરલ રજીસ્ટર પ્રમાણે સાચી અને બરાબર છે.તેમજ વાલી/વિદ્યાર્થીની બેંક પાસબુકની અધ્યતન એન્ટ્રી ચકાસી માહિતી ભરેલ છે. હવે પછી આ માહિતીમાં ફેરફારનો કોઈ અવકાશ રહેતો નથી.

આચાર્યશ્રીનાં સહી/સિક્કા
માહિતી તૈયાર કરનારનું નામ:-
મોબાઈલ નંબર:-
તારીખ:-

**નોંધ:-**

૧. માહિતી એક્સેલ સીટમાં અંગ્રેજીમાં જ ભરવી.
૨. કોઈ પણ રો કે કોલમને મર્જ કરવી નહિ. (મર્જ કરેલ કોલમ અને સાત (૭)થી વધુ કોલમ વાળી માહિતી સ્વીકારવામાં આવશે નહી.)
૩. બેંક એકાઉન્ટ અને IFSC નંબરમાં સ્પેસ આપવી નહિ. બેંક એકાઉન્ટ અને IFSC નંબરની માહિતી ચોકસાઈ પૂર્વક ભરવી.
૪. બેંક એકાઉન્ટ નંબરમાં આગળ "શૂન્ય" હોય તો "શૂન્ય" અવશ્ય લખવો. અન્ય ચિહ્નોનો ઉપયોગ કરવો નહિ.
૫. IFSC નંબરમાં પાંચમો નંબર હંમેશા "શૂન્ય" જ આવશે જેનું ખાસ ધ્યાન રાખવું.
૬. બેંક એકાઉન્ટ અને IFSC નંબર લખતી વખતે અન્ય કોઈ સિમ્બોલનો ઉપયોગ કરવો નહિ અને જો નંબર આગળ શૂન્ય ન આવે તો TEXT ફોરમેટમાં માહિતી તૈયાર કરવી.
૭. કેટલીક શાળાઓ દ્વારા વર્ડ ફાઈલમાં માહિતી મોકલી આપવામાં આવે છે જે સ્વીકારવામાં આવશે નહિ. જેની કાળજી રાખવી.
૮. તમામ વિદ્યાર્થીઓની સળંગ માહિતી ભરવી. આઠ કોલમથી વધારે કોલમ હશે તો માહિતી સ્વીકારવામાં આવશે નહિ.
૯. રીમાર્કસમાં અગાઉના વર્ષની સહાય બાકી હોય તેની ચકાસણી કરીને લખવી.
૧૦.બંધ થયેલ બેંક,મર્જ થયેલ બેંક વગેરેની ચકાસણી કર્યા બાદ જ માહિતી રજુ કરવી.
૧૧.ઉક્ત નિયત ફોર્મેટમાં જ માહિતી રજુ કરવી.નિયત ફોર્મેટ વગરની માહિતી સ્વીકારવામાં આવશે નથી.
૧૨.વાલીઓની અધ્યતન બેંક પાસબુકની ચકાસણી કરી સદર માહિતી ભરવાની રહેશે.